


બે તસવીરોને ક્રમાનુસાર જોશો તો સમજાશે કે પહેલી તસવીરમાં કાખઘોડી લઈને જે ખેલાડી ચાલી રહ્યો છે તે જ ખેલાડી દોડની સ્પર્ધામાં ભાગ લેતી વખતે કાખઘોડી છોડીને એક પગે દોડી રહ્યો છે. ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય તથા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના ઉપક્રમે ગાંધીનગરમાં દિવ્યાંગો માટેની નૅશનલ ગેમ્સનો ગાંધીનગરમાં પ્રારંભ થયો છે, એ દરમિયાન આ તસવીર લેવામાં આવી છે. આવા તો અનેક જુસ્સાનાં દર્શન દેશભરમાંથી આવેલા ૬૦૦થી વધુ દિવ્યાંગ ખેલાડીઓ રમતનાં મેદાનમાં દર્શાવી રહ્યા છે. દિવ્યાંગ ડાન્સર કમલેશ પટેલે આ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં જણાવ્યું હતું : 'દિવ્યાંગતા એ આપણી ખામી નહીં પણ વિશેષતા છે'. એવા જ જુસ્સાનાં દર્શન આ ખેલાડીઓ કરાવી રહ્યા છે ને પોતે દિવ્યાંગ નહીં પણ વિશિષ્ટ ખેલાડી છે એ બાબતની સાબિતી આપી રહ્યા છે. જોમ, જુસ્સો, ઉત્સાહ, તંદુરસ્ત હરિફાઈ, આનંદ, ટીમવર્ક અને ખેલ કરતબ - બધું જ છે અહીં. બસ, ખૂટે છે તો કદરદાનો. દેશભરમાંથી ગાંધીનગરના મહેમાન બનેલા આ દિવ્યાંગ ખેલાડીઓ પોતાના ખેલ કૌશલનું પ્રદર્શન કરી રહ્યા છે ત્યારે એમનો ઉત્સાહ વધારનાર, એમના માટે તાળીઓ પાડનાર કદરદાન કોઈ નથી. આપણે ખેલપ્રેમી હોઈએ, સમાજપ્રેમી હોઈએ કે સમાજસંવેદી હોઈએ તો આપણે આ કામ કરવું જ રહ્યું. ૧૦ જૂન સુધી સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૫ અને પીડીપીયુ ખાતે આ નૅશનલ ગેમ્સ ચાલવાની છે. પોતાના રાજ્યનું ગૌરવ બનીને આ નૅશનલ ગેમ્સ સુધી પહોંચેલા અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું ગૌરવ બનવા થનગની રહેલા આ ખેલાડીઓ એમના કદરદાનોની રાહ જુએ છે, તમારી રાહ જુએ છે. પહોંચો છો ને ?

# આજથી શાળા પ્રવેશોત્સવ

## જિલ્લાના ત્રણ પૂર્વ કલેક્ટરો સહિત રાજ્યના ૧૯ ઉચ્ચ અધિકારીઓ અને પાંચ પદાધિકારીઓ જોડાશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુર કુડાસણ ખાતે શાળા પ્રવેશોત્સવમાં બાળકોને પ્રવેશ કરાવશે. જિલ્લાના ત્રણ પૂર્વ કલેક્ટરો એમ.એસ. ડાગુર, સુશ્રી મોના ખંધાર, એસ.જે. હૈદર આજથી શરૂ થઈ રહેલા પ્રવેશોત્સવમાં જોડાઈ રહ્યા છે.

જિલ્લામાં આમ તો રાજ્ય સરકારે પાંચ પદાધિકારી અને ૧૯ ઉચ્ચ અધિકારીઓની ફાળવણી કરી છે. આજથી આરંભાતા આ પ્રવેશોત્સવમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર અને શિક્ષણ સમિતિના ચેમરેન ગીતાબેન પટેલ પણ જોડાવાના છે. જો કે આજે કોંગ્રેસના કેટલાક સભ્યોએ શિક્ષણ સમિતિએ નક્કી કરેલા રૂટ કે કાર્યક્રમની વિગતો તેમને નહિ પહોંચાડી હોવાની વાતને લઈ વિરોધ પણ નોંધાયો હતો.

જો કે ઈન્ચાર્જ ડી.પી.ઈ.ઓ. કિરણબેન પટેલે જણાવ્યુ હતુ કે દરેક શાળાના આચાર્ય મારફતે તેમને આમંત્રણ આપવામાં આવશે અને આ અંગેની સ્પષ્ટ સૂચનાઓ દરેક આચાર્યને આપી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૫ પર

## કુમાર કરતાં કન્યાઓનો ડ્રોપઆઉટ વધારે છે

### વિદ્યાલક્ષ્મી બોન્ડના લાભાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે !!

ગાંધીનગર, તા. ૭

કન્યા કેળવણી માટેના ભરપૂર પ્રયાસો વચ્ચે પણ રાજ્યમાં કુમારની તુલનામાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો ઊંચો જણાયો છે જેનો સરકારે પણ સ્વીકાર કર્યો છે.

રાજ્ય સરકારે તૈયાર કરેલા એક બ્રોશરમાં જ આ અંગેની વિગતો આપવામાં આવી છે. જેમાં દર્શાવાયા મુજબ ૨૦૦૪-૦૫માં કુમારનો ડ્રોપઆઉટ રેશિયો ધો. ૧ થી ૫માં ૮.૭૨ હતો જે ઘટીને ૨૦૧૬-૧૭માં ૧.૪૩ થયો છે. જ્યારે કન્યાઓનો ધો. ૧ થી ૫માં ડ્રોપઆઉટ રેસિયો ૧૧.૭૭ હતો તે ઘટીને ૧.૬૧ થયો છે. આમ ધો. ૧ થી ૫ માં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો કુમારોની સરખામણીમાં ૦.૧૮ વધારે જણાયો છે. જો ધો. ૧ થી ૮ ના ડ્રોપઆઉટ રેસિયાની વાત કરીએ તો ૨૦૦૪-૦૫માં કુમારનો ડ્રોપઆઉટ રેસિયો ૧૫.૩૩ હતો તે ઘટીને ૨૦૧૬-૧૭માં ૫.૫૭ થયો છે. કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો ૨૦૦૪-૦૫માં ૨૨.૮૦ હતો જે ઘટીને ૨૦૧૬-૧૭માં ૬.૫૫ થયો છે. આમ કુમાર કરતાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો વધારે રહ્યો છે. સરકારના આ બ્રોસરમાં જણાવ્યા પ્રમાણે શાળાઓને મળતા જનસહયોગમાં સતત વધારો થતો રહ્યો છે.

વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવતી લાભાર્થી બાળાઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૫-૧૬માં ૧,૦૯,૯૦૫ બાળાઓ લાભાર્થી હતી જ્યારે તે ઘટીને ૨૦૧૬-૧૭માં ૭૫,૭૦૮ થઈ છે. આ વર્ષે આ સંખ્યામાં પણ ઘટાડો થશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ ખાનગીમાં સ્વીકાર્યું છે.

# દંતાલીની મુલાકાત લેતા કેન્દ્રના પંચાયત વિભાગના સચિવ માથુર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામની આજે કેન્દ્રના પંચાયતીરાજના સચિવ માથુરે મુલાકાત લીધી હતી.

આજે તેમણે દંતાલી ગામની મુલાકાત દરમ્યાન ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી હાથ ધરવામાં આવતા વિકાસ કામોની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત તેમણે પંચાયતની આવકના સાધનો અને સ્ત્રોત વિશે ખુબજ ઝીણવટભરી વિગતો મેળવી હતી.

માથુરે પંચાયતના વહીવટમાં આઈ.ટી.ના ઉપયોગ અંગેની વિગતો મેળવી હતી તેમજ તેનાથી ગ્રામજનોની હાડમારીમાં કેટલી રાહત થઈ તેની રસપ્રદ જાણકારી મેળવવાનો પ્રયાસ પણ કર્યો હતો.

તેમણે ગામની આંગણવાડીની મુલાકાત લીધી અને કુપોષણ મુક્તિ અભિયાન ચાલે છે તેની વિગતો મેળવી હતી. તેમણે કુપોષણ મુક્તિ અભિયાનમાં સહયોગ ગ્રામજનોનો કેવો મળે છે, બાળકોને નિયમિત પૂરક પોષણ આહાર મળે છે કે કેમ તેની વિગતો મેળવી હતી.

તેમની આ મુલાકાત દરમ્યાન ગ્રામવિકાસ કમિશનર મનોજ અગ્રવાલ, અધિક ગ્રામ વિકાસ કમિશનર જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં અંધશ્રધ્ધાને પગલે મહિલા દર્દી દાઝી ગઈ

## આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલી મહિલાના સબંધીને ભુવાએ અગરબતી ફેરવાનું કહ્યું હતું : અગરબત્તી ફેરવવા જતા આગ લાગતા દર્દી દાઝી ગઈ : સ્ટાફની સમય સુચકતાને પગલે મોટી દુર્ઘટના ટળી

ગાંધીનગર, તા.૭

૨૧મી સદીમાં વિશ્વ આધુનિક ટેકનોલોજીના સહારે આગળ વધી રહ્યું છે. ભારતે ઉપગ્રહ અવકાશમાં છોડવામાં વિક્રમ સ્થાપયો છે. આજનો યુગ કોમ્પયુટર અને મોબાઈલ યુગ કહેવાય છે. સમગ્ર વિશ્વની માહિતી આંગળીના ટેરવે મળી જાય છે. ત્યારે દેશમાં આટલી વૈજ્ઞાનિક પ્રગતિ હોવા છતા દેશમાંથી અંધશ્રધ્ધા દુર થવાનું નામ લેતી નથી. શિક્ષણનો વ્યાપ વધવા છતા આજે પણ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સાંજ ઢળતા જ ભુવા ધુણે છે અને ડાકલાઓના અવાજ સંભળાય છે. નાગરીકોના મનમાંથી અંધશ્રધ્ધા હટવાનું નામ લેતી નથી જેને પગલે ભુવા ભોપાળાઓની હાટડીઓ ખુલ્લેઆમ ધમધમે છે. ગામડાની ભોળી પ્રજાને અંધશ્રધ્ધામાં રાખીને પોતાના ખીસ્સા ભરવાનું કામ કરતા ભુવાઓની અછત નથી. ત્યારે સમાજના કહેવાતા આ ભુવાઓના કારણે કેટલાક નાગરીકોના જીવ પણ જોખમાઈ રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં પણ આવો એક વિચિત્ર કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં ગાંધીનગર હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર લઈ રહેલી મહિલા દર્દીના સ્નેહીજને ભુવાએ કહ્યા પ્રમાણે તેમના માથા પર અગરબત્તી ફેરવતા મોં પર ઓકસીજન હોવાથી અચાનક આગ પકડી લીધી હતી. જેને પગલે મહિલા દર્દીનો મોં પરનો કેટલોક ભાગ દાઝી જવા પામ્યો હતો. જયારે આઈસીયુ વોર્ડના સ્ટાફની સમય સુચકતાને

● અનુસંધાન પાન-૫ પર

# શહેરના વેપારી અગ્રણી લાલચંદ ગોપલાણીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના વેપારી અગ્રણી અને સહકારી આગેવાન લાલચંદભાઈ ગોપલાણીનું આજે દુઃખદ અવસાન થયું છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે તેમજ નાગરિક બેંકના ડિરેક્ટર તરીકે તેમણે આપેલી સેવાઓ નોંધનીય રહી છે. સે. ૨૧માં શહેરના સ્થાપનાકાળથી જ વેપારી અગ્રણી તરીકેની તેમણે પોતાની પ્રતિભા ઉભી કરી હતી. તેઓ સે. ૩૦ના સિંધુધામમાં ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપતા હતા.

સ્વ. ગોપલાણીએ ગાંધીનગર નોટીફાઈડ એરિયા કમિટીના સભ્ય તરીકે પણ સેવાઓ આપી હતી. આ ઉપરાંત નરોડાની બેઠક પરથી વિધાનસભાનો ચૂંટણી જંગ પણ લડ્યા હતા.



સ્વર્ગસ્થની અંતિમયાત્રા ૮મીએ સવારે તેમના કુડાસણ ચોકડી નજીક આવેલા શુકુન હાઈટ્સ ખાતેથી સવારે ૧૦ વાગે નીકળી મુક્તિધામ સે. ૩૦ ખાતે લઈ જવાશે.

# સે-૨૪ અને ૨૫ માં ગટરલાઈનને અપગ્રેડ કરવા ૧ કરોડ ખર્ચાશે

## જુના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદોથી રહીશો ત્રાહીમામ : સે૨૪,૨૫ અને ૨૭ માં ગટરોનુ દુષિત પાણી ઉભરાય છે : તંત્રની દરખાસ્ત મંજુર થયા બાદ સમસ્યાનો અંત આવશે

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદોથી રહીશો તોબા પોકારી ગયા છે. દાયકાઓ જુની ગટર લાઈન હવે વસતી અને વિકાસની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગટર લાઈનને તબક્કાવાર અપગ્રેડ કરવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. સે-૨૪,૨૫ અને ૨૭ માં ગટરો ઉભરાવાની સમસ્યાથી સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહયા છે. તંત્ર દ્વારા આ સેકટરોમાં ગટરલાઈનને અપગ્રેડ કરવા માટે દરખાસ્ત કરી દેવાઈ છે. જેની પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાથી નાગરિકો ત્રાહીમામ થઈ ગયા છે. દાયકાઓ જુની ગટર લાઈનની ક્ષમતા વધારવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા શહેરના સે-૨,૩ અને ૪ માં આ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે જુના સેકટરોમાં હજુ ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત છે. જેમાં સે-૨૪ ,૨૫ અને ૨૭ માં રોજબરોજ ગટરોનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિક રહીશોએ ગંદકી વચ્ચે ગુંગળાવાનો વારો આવ્યો છે. કેટલાક ઠેકાણે રહીશોના ઘરોમાં ગટરનુ પાણી ઉભરાતા રહીશો તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં આ સેકટરોમાં ગટર લાઈન નવી નાંખવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં સ્થાનિક ઈન્કવાયરી

● અનુસંધાન પાન-૫ પર

# પાંચ માસમાં ૬૮૦૦ નવા મતદારોએ નામ નોંધણી કરાવી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ માસમાં ૬૮૦૦ જેટલા નવા મતદારોએ તેમના નામ મતદાર યાદીમાં સમાવવા માટેની અરજી ચૂંટણી પંચને આપી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે ૧લી જુલાઈથી રાજ્યમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશનો કાર્યક્રમ પણ આપ્યો છે. આ ઝુંબેશને લઈ પંચના અધિકારીઓએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ચૂંટણી પંચે ૧-૧-૧૭ના રોજ જે મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે તે મુજબ જિલ્લામાં કુલ ૧૧,૪૫,૩૬૯ મતદારો નોંધાયેલા છે. જેમાં ૫,૯૨,૫૮૫ પુરૂષ અને ૫,૫૨,૭૬૭ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ૬૮૦૦ નવા નામ દાખલ કરવાની સાથે ૧૨૦૦ જેટલી અરજીઓ નામ કમી કરવાની પણ તંત્રને મળી છે.

ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશની જાહેરાત થઈ ચુકી છે અને તે મુજબ ત્રણ રવિવારે ખાસ સઘન ઝુંબેશ પણ હાથ ધરવામાં આવનાર છે.

રાજયમાં આવી રહેલી ચૂંટણીઓને પગલે રાજકીય પક્ષોએ અત્યારથી જ આ આવી રહેલી ઝુંબેશને લઈ તેમની તૈયારીઓ પણ શરૂ કરી છે જેથી કોઈ મતદાર નોંધાયા વગરનો રહી ના જાય.

આ વખતે પંચ મહિલા, યુવા અને માઈગ્રેટેડ મતદારોની નોંધણી પર વિશેષ ભાર મુકશે. જેથી મતદાર નોંધાયા વગરનો રહે નહિ.

મતદારો દ્વારા નામ નોંધણી અને નામ સુધારણા આ ઝુંબેશ દરમ્યાન કરાવી શકાશે. પંચે તમામ વિધાનસભા મત વિસ્તારોમાં મતદાર નોંધણી અધિકારીઓ અને બુથલેવલ ઓફિસરોને આ ઝુંબેશ માટે તૈયાર રહેવાની સૂચનાઓ પણ જારી કરી દીધી છે.

જિલ્લામાં મતદારોની નોંધણી માટે સૌથી વધુ ઉત્સાહ ગાંધીનગર(દ) અને કલોલ વિધાનસભા વિસ્તારમાં વધુ જોવા મળ્યો છે. જો કે ગાંધીનગર (ઉ)માં સ્થળાંતર કરી જતા મતદારો વધુ જોવા મળ્યા છે.


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



અંજલિ






મેજર જોજી જોસેફ
આપના ૧૨મા શહિદ દિને
શત્ શત્ સલામ - પ્રણામ
પી. ટી. જોસેફ
અને સમગ્ર પરિવાર



ગુજરાત સાહિત્ય અકાદમી માટે જોઈએ છે
ગુજરાતી ભાષા અને જોડણીનું જ્ઞાન ધરાવતા, સાહિત્ય પ્રત્યે રુચિ રાખનાર, સંપાદન, પ્રકાશન વગેરે કાર્યો માટે ઈચ્છા ધરાવતા હોય તેઓ સાહિત્ય અકાદમી પર પોતાની યોગ્યતા સાથે દિન સાતમાં રૂબરૂ નીચેના સરનામે મળવું. માનદ વેતન અપાશે.
અભિલેખાગાર ભવન
પ્રથમ માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર



વેચવાની છે
મારૂતિ બલેનો બ્લેક, સીએનજી, મોડલ-૨૦૦૫, બેસ્ટ કન્ડીશન, ઓછુ ફરેલી કાર.
વેચવાનું છે
હોન્ડી ડીઓ, ૨૦૧૨, પર્પલ કલર
+ ૯૧ ૯૯૦૯૯૧૦૭૧૮



સંસ્કૃતિ
"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખુબ ખુબ આભાર.
તા. ૧૦-૬-૨૦૧૭ના રોજ કાર્યક્રમનાં સ્થળે પણ સભ્યપદ મેળવી શકાશે.
(૨) વર્ષમાં પાંચ ઉત્તમ કાર્યક્રમ- ચાર ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૩) શક્ય બને તો વિશેષ એક કાર્યક્રમ આપવાની સંસ્થાની નિષ્ઠાભરી ઈચ્છા. ગત વર્ષે ૭ કાર્યક્રમો અપાયા હતા.
૨૦૧૭-૧૮ ના વર્ષનું સભ્યપદ કાર્યક્રમના સ્થળે મેળવીને પણ આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.
'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે અને સુરીલી સાંજ-રાજેશ વૈશ્નવ-ભાવનગર પ્રસ્તુત હિન્દી સિનેમાના ફિલ્મ 'બાબુલ' થી 'રામ રતન ધન પાયો' સુધીના સદાબહાર સમુહ(Chorus) ગીતોની રજુઆત
'મૌસમ બીતા જાય'
તારીખઃ ૧૦મી જુન, ૨૦૧૭, શનિવાર | સમયઃ રાત્રે ૯-૧૫ | સ્થળઃ ટાઉન હોલ, ગાંધીનગર
સૌથી ઓછી સભ્ય ફી
કપલ દીઠ રૂ.૧૨૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂ.૭૦૦/- (વાર્ષિક)






સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, છઠ્ઠો માળ, ફોનઃ૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨ ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૧૪૩૬
(૮) સેક્ટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેક્ટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેક્ટર-૮ પ્રા. ડો.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
આવો... આજે જ સભ્યપદે નોંધાઈને નાટિત્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુક્લ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com